Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 8, Issue 2, April 2022
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# Feminism Expressed in the Gujarati Novel Saat Pagalaan Aakashman

# ગુજરાતી નવલકથા 'સાત પગાલાં આકાશમાં' માં વ્યકત નારીવાદ

**Ram Mavadiya**
Assi. Professor,
Dep. of Sociology,
Government Arts College Ranavav, Porbnadar

સાહિત્ય અને સમાજ બંને વચ્ચે ગાઢ સંબંધ છે. આથી જયાં જયાં માનવ સમાજ વિકસ્યો છે ત્યાં ત્યાં સાહિત્યનો ઉદ્ભવ-વિકાસ થયો છે. સાહિત્ય હંમેશા સમાજમાં જીવતા જીવનના આધારે રચાતું હોય છે. જે સમાજજીવનની ખાસિયતો, ક્ષતિઓ, પ્રશ્નો, વગેરેને ઘટનાઓ સાથે જોડીને વ્યકત કરે છે. સાહિત્યના વિવિધ સર્જનો જેવા કે નવલિકાઓ, નવલકથાઓ, લઘુનવલ, નિબંધો, કાવ્યો, નાટકો વગેરે સમાજજીવનની વિવિધ વાસ્તવિકતાઓને યથાર્થ રીતે વ્યકત કરે છે.

સમાજશાસ્ત્ર સમાજનું વૈજ્ઞાનિક પધ્ધતિથી અધ્યયન કરે છે. જેમા સામાજિક સંબંધો, સામાજિક આંતરક્રિયા, દરજ્જો-ભૂમિકા, સામાજિક જૂથો, સંસ્કૃતિ, સામાજિક ધોરણો, મૂલ્યો, સામાજિક નિયંત્રણ, વાતાવરણ, સામાજિક સમસ્યાઓ વગેરે પાસાઓનો વૈજ્ઞાનિક દર્ષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં વિશેષીકરણની પ્રક્રિયામાં જુદી જુદી પેટાશાખાઓનો ઉદ્દભવ વિકાસ થાય છે. જેમ કે, ગ્રામીણ સમાજશાસ્ત્ર, સામાજિક સમસ્યાઓનું સમાજશાસ્ત્ર, મૂલ્યોનું સમાજશાસ્ત્ર, ધર્મનું સમાજશાસ્ત્ર, સાહિત્યનું સમાજશાસ્ત્ર વગેરે. જેમાં સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યને સામાજિક પ્રક્રિયા તરીકે તપાસે છે. સમાજશાસ્ત્ર વિશ્વકોષ મુજબ કૃતિ, કૃતિકાર અને સમાજની વચ્ચે થનારી આંતરક્રિયાઓના પરીણામ સ્વરૂપે રચાયેલી એવી સંરચનાઓ કે જેના આધારે કોઇ કૃતિ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તે વસ્તુનિષ્ઠ અધ્યયન કરવાવાળી જ્ઞાન શાખાને સાહિત્યનું સમાજશાસ્ત્ર કહેવામાં આવે છે. આમ, સમાજશાસ્ત્રીય અભિગમો, સિધ્ધાંતો અને સંદર્ભોના માળખામાં રહીને સાહિત્યનું વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે સાહિત્યનું સમાજશાસ્ત્ર.

સમાજ વિજ્ઞાન શબ્દકોશ મુજબ સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્ય અને સમાજ વચ્ચેના પરસ્પર સંબંધનો અભ્યાસ કરતી શાખા છે. ખાસ કરીને સાહિત્યકાર પોતાની કૃતિઓ રજૂ કરતી વખતે સમાજનાં પ્રચલિત રચનાતંત્રો, માન્યતાઓ, સામાજિક ચેતના વગેરે દ્વારા કેવી રીતે પ્રભાવિત થાય છે અને પોતાના સાહિત્યને કેવી રીતે પ્રભાવિત કરે છે તેનો અભ્યાસ આ વિદ્યાશાખામાં થાય છે.

જેન્ડર, નારીવાદ અને નારીવાદી સાહિત્ય

સાહિત્યમા ઉપયોગમાં લેવાતા વિવિધ આધારોમાં એક આધાર નારી અને નારીભાવ છે. વિશ્વભરના સાહિત્યમાં નારીને કેન્દ્રમાં રાખી વિવિધ સાહિત્યોનું નિર્માણ થયું છે. જો કે કૃતિમાં નારીપાત્રને સમાવવાથી કોઇ કૃતિ નારીવાદી બનતી નથી. પરંતુ કૃતિને નારીવાદી બનાવવા માટે નારીવાદી અભિગમને ધ્યાને લેવો ખૂબ જ જરૂરી છે. સમાજમાં નારીને થતા અન્યાય અને તેના સ્થાનને નિમ્ન ગણવાની પરંપરા સામે જાગૃતિ માટેના પ્રયાસો અને ચળવળો અને તેના માધ્યમથી સ્ત્રીને ગૌરવભર્યું સ્થાન અપાવવાના હેતુથી થતા સાહિત્ય સર્જનને નારીવાદી સાહિત્ય કહેવામાં આવે છે.

સૌપ્રથમ ઇ.સ. ૧૪૦૦ માં  સાયમન બિવોરે  જેન્ડર વિશે કહ્યું કે, કોઇ સ્ત્રી તરીકે જન્મતું નથી, પરંતુ તે સ્ત્રી બને છે. સ્ત્રીઓ જન્મતી નથી, પરંતુ એને બનાવવાના વિચાર સાથે જેન્ડરની વિભાવના સંકળાયેલી છે. ૧૯૭૦માં અમેરિકામાં એન. ઓકલેએ સમાજના સ્ત્રી-પુરુષના લક્ષણોનું વર્ણન કરવામાં જીવશાસ્ત્રીયને બદલે જેન્ડર શબ્દ વાપર્યો, જેનો અર્થ સામાજિક સંદર્ભે લિંગ થાય છે. છોકરી-છોકરા અને સ્ત્રી-પુરૂષથી સંકળાયેલી આ સામાજિક માન્યતાઓ જેન્ડર અથવા સામાજિક લિંગ અથવા સ્ત્રી અને પુરૃષની વ્યાખ્યા જે સમાજ બનાવે છે તે છે. જેન્ડર શબ્દ ફ્રેન્ચ શબ્દ Genil પરથી આવ્યો છે. જેમાં સમાજ અને સંસ્કૃતિ સાથે સ્ત્રી અને પુરુષના સંબંધને જોડવામાં આવે છે. એ પછી એને પુરૂષત્વ અને સ્ત્રીત્વ  એ રીતે સાંકળવામાં આવ્યું. સમાજશાસ્ત્રમાં જેન્ડરને આ રીતે પારિભાષિત કરવામાં આવે છે કે, Gender explains the way society constructs and differences between women and men and girls and boys.

નારીવાદનો ખ્યાલ સૌપ્રથમ ૧૪૦૦માં  ફ્રાંન્ચમાં ઉદ્ભવ્યો પછી પશ્ચિમનાં દેશોમાં અવતરણ થયું. રંજના હરીશના મતે, પાશ્ચાત્ય નારીવાદી અભિગમનાં મૂળ ૧૯મી સદીમાં ઇંગ્લેન્ડમાં થયેલા સ્ત્રીહક્કના આંદોલનમાં છે તેમ મનાય છે. આ આંદોલનનો પ્રારંભ જે. એસ. મીલ જેવા પુરૂષોએ કર્યો હતો.

નારીવાદની એવી કોઇ સ્પષ્ટ પરિભાષા આપી શકાતી નથી. કારણ કે સ્ત્રી વર્ગ, એની પૃષ્ઠભૂમિકા, શિક્ષણ અને જાગૃતિનું સ્તર વગેરે બદલાતાં તેની પરિભાષા પણ બદલાતી રહી છે. ૧૯૮૯માં સાઉથ એશિયાના સંદર્ભમાં બધા નારીવાદીઓએ વર્કશોપમાં કરેલી વ્યાખ્યા મુજબ, Feminism is an awareness of patrianchial control exploitation and oppression at the material and ideological levels, of women's labour,  fertility and sexuality in the family at the place of work and in the society in general and includes action by women and well to transforum society.

આમ, નારીવાદ એટલે સમાજમાં કામના સ્થળે અને પરિવારમાં થતાં સ્ત્રીઓ પરના દમન અને શોષણ પ્રત્યે ચેતના તથા સ્ત્રીઓ અને પુરુષો દ્વારા આ પરિસ્થિતિઓને બદલવાની દિશામાં જાગૃત સક્રિયતા.

આ પરિભાષા મુજબ જો કોઇ લિંગવાદ પુરૂષ આધિપત્ય તથા પિતૃસત્તા ઉપસ્થિતિનો સ્વીકાર કરે છે તથા તેના વિરૂધ્ધ કાર્યવાહી કરે તે નારીવાદ છે. આમ, વર્તમાન નારીવાદ ઘરની અંદર અને ઘરની બહાર બંને સ્થાન પર સ્ત્રી માટે સમાનતા અને સન્માન મેળવવાનું તથા પોતાના શરીર અને જીવન પર પોતાના નિયંત્રણ અને અધિકાર મેળવવા માટેનો સંઘર્ષ છે. રંજના હરીશના મતે, નારીવાદનું ધ્રુવવાકય છે – નારીનો મનુષ્ય તરીકે સ્વીકાર. દેવી કે દાસી નહિ, ફકત વ્યકતિ તેની બુધ્ધિ, લાગણી તથા દેહનો આદરપૂર્વક સ્વીકાર.

સ્ત્રી ચળવળ અને સ્ત્રી અભ્યાસોમાં નારીવાદી સિધ્ધાંતોને મહત્વ આપવામાં આવે છે. પરંતુ નારીવાદી સિધ્ધાંતોની વિચારસરણીમાં તફાવત જોવા મળે છે. વિવિધ સમયમાં વિવિધ સિધ્ધાંતો ઉદ્ભવ્યા છે. જેમાં ઉદારમતવાદી નારીવાદ ઉદારમતવાદ ઉપર રચાયેલી નારીમુકિત અંગેની ચળવળ. ઉદારમતવાદ સમાનતા અને સ્વતંત્રતાની તથા સર્વપ્રકારના બંધનથી મુકિતની હિમાયત કરે છે અને પ્રગતિ તેનું ધ્યેય છે. આ ધ્યેયપ્રાપ્તિના સાધનોમાં લિંગભેદ વિના સમાન અધિકારની તે હિમાયત કરે છે. ઉદારમતવાદી નારીવાદીઓ સ્ત્રીઓ માટે સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની માગણી કરે છે. આથી તેમના મતે સ્ત્રી તાબેદારીનું મૂળ સ્ત્રીઓની બૌધ્ધિક ક્ષમતાનો વિકાસ થવા નથી દીધો તે છે. આથી તેઓ સૂચવે છે કે સ્ત્રીઓને શિક્ષણ અને વ્યવસાયમાં સમાન તક આપી, પરંપરાગત ભૂમિકામાંથી બહાર કાઢી જાહેર જીવન માટેની તક આપી, દમનકારી ભૂમિકા અને જાતિ આધારીત કાયદાઓ દૂરી કરી, સ્વ સુધારની તક દ્વારા સ્ત્રીને તાબેદારીમાંથી મુકિત આપી શકાય છે અને સામાજિક ન્યાયવાળા આદર્શ સમાજની રચના થઇ શકે છે.

જયારે માર્કસવાદી નારીવાદ માર્કસવાદી વિચારસણીમાંથી પ્રેરણા લઇ ઉદ્ભવ્યો છે. જે સ્ત્રીઓના સામાજિક દમન અને અસમાનતા માટે મૂડીવાદીને જવાબદાર ગણે છે નહી કે પુરુષોને. માર્કસવાદ પ્રમાણે ઉત્પાદનની પધ્ધતિ, ઉત્પાદનના સંબંધો, શ્રમવિભાજન, સ્ત્રીના કાર્ય, સ્ત્રીના શ્રમની કિંમત એ બધી બાબતો મહત્વની છે. કારણ કે ઉત્પાદનની પધ્ધતિ જ વિચારસરણી ઘડે છે એટલે તેનો કાબૂ આપણા જીવન ઉપર રહે છે. આથી માકર્સવાદી નારીવાદ મુજબ સ્ત્રી આર્થિક ઉત્પાદન કરે અને સ્ત્રીના કામને વળતર અપાય તો સ્ત્રીના દરજ્જામાં સુધારો થશે. સમાન કામ બદલ સમાન વળતર આ રીતોને લીધે પણ સ્ત્રીનું સ્થાન સુધરશે.

જયારે ઉદ્દામવાદી નારીવાદ એ ઉદ્દામવાદ ઉપર રચાયેલ માનવતાવાદી નારી ચળવળ છે. જે ઝડપી કે ક્રાંતિકારી પરિવર્તનની હિમાયત કરે છે. જે સ્ત્રી-પુરૂષ સમાનતા માટે સ્ત્રીને તમામ પ્રકારના બંધનમાંથી મુકિત આપવા માટેની ઉગ્ર અને અંતિમવાદી ચળવળ છે. તે વિચાર, માન્યતા કે ક્રિયા અને પગલાંની બાબતમાં ઉગ્રવાદી, અંતિમવાદી કે ક્રાંતિકારી છે. ઉદ્દામવાદી નારીવાદીઓના મતે એક જૂથના બીજા જૂથ ઉપરના પ્રભુત્વનો પ્રથમ અને પાયાનો કિસ્સો નારીદમન છે. પુરૂષની સર્વોપરિતા અને પ્રભુત્વનું એ જૂનામાં જૂનું અને પાયાનું સ્વરૂપ છે. આથી તેઓના મતે જો સ્ત્રીને મુકત થવું હોય તો સ્ત્રીએ પોતે જ મુકિત પામવા માટે તૈયાર થવું પડશે. પોતે નબળા કે અબળાની ભાવના દૂર કરી સક્ષમ સબળ અને આત્મનિર્ભર છે એવી ભાવના કેળવવી પડશે.

જયારે સમાજવાદી નારીવાદ એ સમાજવાદ પર રચાયેલી માનવતાવાદી નારીમુકિતની ચળવળ છે. જે ઉત્પાદન, મૂડી અને જમીન ઉપર સમગ્ર સમાજની માલિકી અને નિયંત્રણની હિમાયત કરતી તથા જાતિ, વર્ગ, લિંગ, ધર્મના ભેદભાવ વિના સમાન તક અને હક્કની હિમાયત કરતી વિચારસરણી છે. સમાજવાદી નારીવાદી મુજબ સ્ત્રીનું આંતરિક જીવન તેમજ શરીરી અને વર્તણૂક જેન્ડર દ્વારા રચાયેલ છે. જે જન્મજાત નથી. પરંતુ સામાજિક છે અને વ્યકિતના આંતરિક જીવનમાં નાનપણથી જ તે ઉદ્ભવે છે. જે શીઘ્ર રીતે આગળ વધતાં સ્ત્રીત્વ અને પુરૂષત્વના સંદર્ભમાં જોવા મળે છે. તેમના મતે નારી દમનનાં મૂળ ખાનગી મિલકત અને વર્ગ વ્યવસ્થામાં રહેલાં છે. આથી સ્ત્રી મુકિત માટે તથા નારી દમનનો અંત લાવવા માટે સમાજવાદી ક્રાંતિ જરૂરી છે. આ માટે સમાજનાં ભૌતિક પાયાના ખ્યાલમાં જાતીયતા, બાળ ઉછેર તથા બાળકો ધારણ કરવાનો સમાવેશ કર્યો. તેમજ સામાજિક પરિવર્તનની દરખાસ્તમાં સ્ત્રીના પ્રજોત્પાદકીય સ્વાતંત્ર્ય પર ભાર મૂકે છે. જાતિ આધારિત શ્રમવિભાજનને નકારે છે.

જયારે મનોવિશ્લેષણવાદી નારીવાદીઓ સ્ત્રી તાબેદારીના મૂળ વ્યકિતના આંતરિક ઊંડાણમાં, તેની જાતીયતાની પરિપકવતાની પ્રક્રિયામાં ઓડીપસ કે પ્રિઓડીપસ ગ્રંથિના સ્વરૂપે પડેલા જુએ છે અને તેને પ્રાકૃતિક ન ગણતાં સ્ત્રી-પુરૂષના જાતીયતાના અનુભવો સમાજ દ્વારા કેવી રીતે ઘડાયા છે તેનું વિશ્લેષણ કરે છે. તેનાં મૂળ સામાજિક સાંસ્કૃતિક માળખામાં, બાળઉછેરની રીતમાં, સ્ત્રીના નૈતિકતાને પ્રમાણભૂત ન માનવી અને પિતૃસત્તાક સમાજમાં સ્ત્રીની લેવડદેવડના નિયમોમાં જુએ છે.

જયારે અનુઆધુનિક નારીવાદ જેન્ડર સમાનતા માટે પિતૃસતાક વિરુધ્ધ સંઘર્ષની ચળવળ છે. પ્રવર્તમાન સમાજવ્યવસ્થા માટે જેન્ડર સમાનતા માટે એકસામટું નહી પણ તબકકાવાર પરિવર્તન લાવવાની હિમાયત કરે છે. તેનો દાવો એવો છે કે જેન્ડર એ મૂળભૂત રીતે માનવવ્યકિતપણાનું પાયાનું લક્ષણ નથી. આથી તે જેન્ડર ઘડતરને કેન્દ્રમાં રાખીને સ્થાપિત પિતૃસમાજ અને જ્ઞાનવ્યવસ્થાને પડકારે છે. અનુઆધુનિક નારીવાદઓ સ્ત્રી તાબેદારી અને સ્ત્રી મૂકિત માટે કશી સ્પષ્ટતાઓ કરતો સિધ્ધાંત સ્થાપવા ઇચ્છતા નથી. પરંતુ તેઓ સત્ય અને વાસ્તવિકતાની પારંપારિક ધારણાઓને નકારી કાઢે છે.

આમ, વર્તમાન સમયમાં નારીવાદ વિશે કોઇ એક નારીવાદી વિચારસરણી કે સિધ્ધાંત પૂર્ણ છે એવું ન કહી શકાય. એટલે કે બધી વિચારસરણી સ્ત્રી તાબેદારી અને સ્ત્રીમુકિતને જોવાની અલગ અલગ રીતો છે.

ગુજરાતી સાહિત્યમાં ધૂમકેતુની બિંદુ, દ્વિરેફની સૌભાગ્યવતી, મેઘાણીની વહુ અને ઘોડો, મોરલીધર પરણ્યો, ઉમાશંકર જોષીની મારી ચંપાનો વર, જયંત ખત્રીની તેજ ગતી અને ધ્વનિ, ખીચડી, સુંદરમની ખોલકી અને માને ખોળે, રઘુવીર ચૌધરીની અમૃતા વગેરે અનેક સાહિત્યકૃતિમાં નારીચેતના વ્યકત થાય છે. જેમા ૧૯૮૪માં કુન્દનિકા કાપડીયાની અતિ ચર્ચાસ્પદ રહેલી નવલકથા સાત પગલાં આકાશમાં પુરુષનાયક માળખામાં સ્ત્રીની સુનિશ્ચિત આચારસંહિતા સામે અનેક પ્રશ્નો ખડા કરે છે.

સાત પગલાં આકાશમાં નવલકથામાં વ્યકત નારીવાદ

વ્યકિતનું જીવન કોઇપણ કલા માટે કાચા માલ સમાન છે. વ્યકિતના વ્યકિત્વથી માંડીને તેના જીવનમાં ઘટતી ઘટનાઓ, એ ઘટનાઓ પ્રત્યેનો  દૃષ્ટીકોણ, મનોસંચલનો, વિચારજગત, ભાવજગત, સંઘર્ષો, માનસિકતામાં આવતા વારા ફેરા અને બાહ્ય જગત સાથે ગૂંથાયેલા તાણાવાણામાંથી સર્જક ઉત્તમ કૃતિ સર્જી શકે છે. નવલકથામાં આ તમામ બાબતોને સાંકળી એક છબી ઉપસાવવામાં આવે છે. જેમાં વાચક પોતાનું ચિત્ર જોઇ શકે છે.

ઓકસફર્ડ ડિકશનરી મુજબ નવલકથા એટલે પ્રમાણમાં દીર્ઘ એવી, ગદ્યમાં રચાયેલી કલ્પિત કથા જેમાં સંકુલતા ધરાવતી વસ્તુ સંકલનાને આશયે વાસ્તવ જીવનનાં પ્રતિનિધિરૂપ કાર્યોનું અને માનવીઓનું આલેખન કરવામાં આવ્યું છે. જયારે  એન્સાઇકલોપીડીયા ઓફ બ્રિટાનિકા મુજબ નવલકથા માનવજીવનનાં સત્યનું યર્થાથ પર આધારિત વાસ્તવિક ચિત્ર છે. તેમજ ગુજરાતી શબ્દકોષ અનુસાર નવલકથા એટલે ગધ્યમાં લખેલી કલ્પિત વાર્તા.

કુન્દનિકા કાપડીઆ કૃત નવલકથા સાત પગલાં આકાશમાં ૧૯૮૨ના જુલાઇથી શરૂ થઇ ૪૦ અઠવાડિયાં સુધી ધારાવાહી રૂપે જન્મભૂમિ-પ્રવાસીની રવિવારની આવૃતિમાં પ્રગટ થાય છે. ત્યારે તેમના વિશે વિવિધ પ્રતિક્રિયાઓ વ્યકત થાય છે. આમ છતા લેખિકાના મતે આ નવલકથામાં આલેખાયેલી મોટા ભાગની પરિસ્થિતિઓ પાછળ સત્ય ઘટનાઓનો આધાર છે અને એ રીતે આ લગભગ દસ્તાવેજી કથા છે. આ દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન હંમેશા બીજા દરજ્જાનું રહ્યું છે. એ હકિકતના કોઇ પુરાવા શોધવા જવું પડે એમ નથી.

સાત પગલાં આકાશમાં નવલકથા એ કુન્દનિકા કાપડીઆની એક બીજી ઓળખ છે.  આ નારીવાદી નવલકથામાં પુરુષપ્રધાન સમાજવ્યસ્થામાં સ્ત્રીઓએ જે સામાજિક અન્યાયો સહન કરવા પડે છે તેનું નિરૂપણ કરી સ્ત્રીઓમાં પોતાના સામાજિક દરજ્જા અને ભૂમિકા વિશે સભાનતા વિકસાવવાનો પ્રયાસ થયો છે. પ્રસ્તાવનામાં લેખિકા કૃતિને સ્ત્રીની યાત્રાઃ કારાગારથી કૈલાશ સુધી તરીકે વર્ણવે છે. આ કૃતિની પ્રસ્તાવના સમાજશાસ્ત્રીય દૃષ્ટીએ ખૂબ જ મહત્વની છે. જેમા વ્યકત થયેલા વિચારો જોઇએ તો, સ્ત્રીઓનું સ્થાન હંમેશા બીજા દરજ્જાનું રહયું છે, ચારે બાજુથી મર્યાદાઓ આંકીને સ્ત્રીને માટે જે આ સ્થાન નકકી કરવામાં આવ્યું છે તેની સામે તે વિદ્રોહ ન કરે તે માટે આદર્શના અનેક દિપ્તમંત્ર નામોથી તેને મઢવામા આવી છે. આવુ એક મહિમામય નામ છે માતૃત્વ.  આ નવલકથાના હેતુના સંદર્ભમાં કહે છે કે આ નવલકથા સ્ત્રીની મુકિત યાત્રામાં ફકત સ્ત્રીએ જ નહી આખા સમાજે જાગૃત થવાનું છે.

પ્રસ્તુત નવલકથામાં વસુધા કેન્દ્રસ્થાનમાં છે. જેની આસપાસ વાર્તાનું આલેખન થાય છે. જેમા લેખિકાના નારીવાદી વિચારો વ્યકત થાય છે.

નવલકથાની શરૂઆતમાં વસુધાના લગ્ન થવાની તૈયારી થઇ રહી છે ત્યારે વસુધા મનોમન વિચારે છે કે જો હું લગ્ન કરવાની છેલ્લી ઘડીએ ના પાડી ન શકુ ? લગ્ન જેવી આખા જીવનને સ્પર્શતી બાબતમાં પણ હું ઇચ્છા પ્રમાણે કાંઇ ન કરી શકુ ?  અહીં પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં સ્ત્રીની નિર્ણયવિહીન સથિતિ વ્યકત

થાય છે. પુરુષપ્રધાન કુંટુંબવ્યવસ્થામાં લગ્ન, મિકલત વગેરે બાબતો સંબંધિત મહત્વના નિર્ણયો માત્ર વડિલ પુરુષો દ્વારા જ લેવામાં આવે છે. આવી બાબતોમાં સ્ત્રીઓને તક આપવામાં આવતી નથી. સ્ત્રીઓનો મત જાણવામાં આવે છે. પરંતુ નિર્ણયમાં ભાગીદાર બનાવવામાં આવતી નથી. વર્તમાન સમયે પણ લગ્ન વિષયક બાબતોમાં જીવનસાથીની પસંદગીમાં સ્ત્રીઓને પુરુષ સમકક્ષ તક આપવામાં આવતી નથી. જે પુરુષ કરતા સ્ત્રીના નીચા દરજ્જાને વ્યકત કરે છે.

પ્રસ્તુત નવલકથામાં વસુધાના લગ્નબાદ તમામ ઘરકામ કરવાનું તેમના ભાગે આવે છે. તેમના ફૈબા તેને ઘડીવાર પણ બેસવા દેતા નથી. ત્યારે વસુધા વિચારે છે કે એક સ્ત્રી વહુ હોય એટલે શું તેને થાક લાગતો જ નહિ હોય એમ માનીને ચલાવવાનું? પ્રાચિન સમયથી સ્ત્રીની ભૂમિકા ગૃહકાર્ય સાથે જોડાયેલ છે. આથી સમાજમાં ગૃહકાર્ય સ્ત્રીએ જ કરવાનું હોય તેવી માન્યતા જોવા મળે છે. આ ઉપરાંત વસુધા માતૃત્વ ધારણ કરે છે અને પુત્રોને જન્મ આપે છે અને પછીથી બાળકો નો ઉછેર અને ઘરકામ બંને વસુધાએ જ કરવાના રહે છે. તેમનો પતિ વ્યોમેશ તેમને બાળકોને રાખવામાં કે ઘરકામમાં કોઇ મદદ કરતો નથી. આથી વસુધા મનોમન વિચારે છે કે કોઇકવાર વ્યોમેશ એવું વિચારે કે હર્ષના જન્મને કારણે તારૂ કામ બહુ વધી ગયું છે. આથી રસોઇ અને નાસ્તો બંને બનાવવામાં તને મૂશ્કેલી પડતી હશે. તો મદદ કરાવું. પરંતુ વસુધાને આ બાબત અશક્ય ઇચ્છા કે અકલ્પ લાગે છે. ભારતમાં લૈંગિકતાના સામાજિક સાંસ્કૃતિક આધાર મુજબ એવું માનવામાં આવે છે કે ઘરકામ, બાળઉછેર એ સ્ત્રીની જ ભૂમિકા છે. આથી જ કોઇ સ્ત્રી ઘર બહારની પ્રવૃતિઓ કરતી હોય તો પણ તેમણે ઘરકામ અને બાળઉછેર તો કરવાનું જ હોય  છે અને પુરુષ આવા કાર્યને નિમ્ન કોટીનું માને છે. આથી રૂઢિગત કુટુંબોમાં તો પુરુષો દ્વારા ઘરકામ કે બાળઉછેરમાં સ્ત્રીઓને  થોડી પણ મદદ કરવામાં આવતી નથી. આ ઉપરાંત બાળપણથી જ સ્ત્રીને ઘરકામ અને બાળઉછેર સંબંધિત ભૂમિકા મુજબ સમાજીકરણ કરવામાં આવે છે. તેમજ ગૃહકાર્ય અને બાળઉછેરને બિન આર્થિક પ્રવૃતિ માની તેનું કોઇ વળતર સ્ત્રીને આપવામાં આવતું નથી. આથી સ્ત્રી આર્થિક દૃષ્ટીએ સમાજમાં મહત્વનું સ્થાન ધારણ કરી શકતી નથી. જે તેમના દરજ્જાને દ્વિતિય કક્ષાનો બનાવે છે. વસુધાને સાંજ ગમે છે અગાસીમાં બેસવું ગમે છે વાંચવું ગમે છે. પરંતુ લગ્ન પછી વસુધા પોતાના શોખ મુજબ પુસ્તક વાંચવા બેસે છે ત્યારે ફૈબા તેને કહે છે કે ઘરમાં કામ ઓછું છે કે વાંચવા બેઠી છે?  ત્યારે વસુધાને નવાઇ લાગે છે કે પરણવાનો અર્થ શું એમ  થાય કે સ્ત્રીએ પોતાના બધા રસ  અને શોખ અભરાઇએ ચડાવી દેવાના?  આમ સામાન્ય રીતે લગ્ન પછી મોટાભાગની સ્ત્રીઓ ઘરકામ અને બાળ ઉછેરમાં એટલી પરોવાયેલી રહેતી હોય  કે તેઓ પોતાના શોખ પણ ધીમે ધીમે ભૂલી જતી હોય છે. આથી આવી સ્ત્રીઓ પોતાના જીવનનો પૂર્ણ આનંદ માણી શકાતી નથી.

પ્રસ્તુત નવલકથામાં મહત્વના પાત્રોમાં બીજા પત્રોમાં એક  ફૈબા છે. વસુધા લગ્ન કરીને આવે છે ત્યારે વ્યોમેશ અને ફૈબા સાથે રહેવાનું થાય છે. ફૈબા વસુધાનેને કહે છે કે તારે ઘરે ભલે તું શ્રીનાથજીની પૂજા કરતી હો, અહીં તો તારે દેરાસર જવાનું છે. લૈંગિકતાના પ્રશ્નોમાં એક પ્રશ્ન છે લગ્ન બાદ સ્ત્રીનું બદલાતું સામાજિક સ્થાન. સ્ત્રીને  કોઇ કુટુંબમાં કાયમી સ્થાન દરજ્જો હોતો નથી. લગ્ન ન થાય ત્યાં સુધી પોતાના

માતાપિતાના કટુંબમાં દરજજો ધરાવે છે. જયારે લગ્ન પછી તેનું સ્થાન પતિના કુટુંબમાં ફેરબદલ પામે છે. આથી લગ્ન બાદ સ્ત્રીના સ્થાનમાં થતા બદલાવથી તેમની ઇચ્છાઓ, ટેવો, સામાજિક અને ધાર્મિક માન્યતાઓ, રીતભાત, જીવનશૈલી વગેરેમાં પણ બદલાવ કરવો પડે છે. આવી સ્થિતિ પુરુષોની થતી નથી.

પ્રસ્તુત નવલકથામાં બીજુ એક મહત્વનું કહી શકાય તેવું પાત્ર વ્યોમેશ છે. જે વસુધાનો પતિ છે અને સામાન્ય રીતે પુરુષ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યોમેશ સામાન્ય રીતે વસુધાની પસંદ કે ના પસંદને જાણવાનો પ્રયત્ન કરતો નથી. નવલકથાના કથાવસ્તુ મુજબ વસુધાને વરસાદના પ્રથમ વરસાદમાં ભીજાવાની ઇચ્છા થાય છે. પરંતુ વ્યોમેશ વસુધાની ઇચ્છાને ધ્યાનમાં લીધા વગર જાતિય સંબંધ બાંધવા પ્રેરાય છે. આથી વસુધાને મનથી દુઃખ થાય છે. પરંતુ તે આ સ્થિતિને સ્વીકારી લે છે. આમ એક સ્ત્રી પોતાના શરીર પર પણ પોતાનું આધિપત્ય ધરાવી શકતી નથી અને સમાજમાં આ બાબતે સ્ત્રીને ના કહેવાનો હક્ક જ ન હોય તેવું જોવા મળે છે. આથી સ્ત્રીનું જીવન પુરૂષની આસપાસ જ કેન્દ્રીત થઇ જાય છે અને જીવનના મહત્વના તમામ નિર્ણય માત્ર પુરુષ દ્વારા જ લેવામાં આવે છે. અહીં પિતૃપ્રધાન સમાજવ્યવસ્થાની ઘટના દષ્ટીગોચર થાય છે.

નવલકથામાં સુમિત્રા વસુધાની મિત્ર છે. જે ક્રાંતિકારી વિચારો ધરાવે છે. જે એક છોકરા સાથે લગ્ન કરવા માગે છે. પરંતુ તે દવાખાનું શરૂ કરવા માટે મદદ કરવાની ઇચ્છા રાખે છે. અહિં દહેજપ્રથાની સામાજિક સમસ્યા વ્યકત થાય છે. ભારતમાં સામાન્ય રીતે દહેજપ્રથા લગ્નસંસ્થાનો ભાગ છે અને વર્તમાન સમયે લગ્નસંસ્થા ખર્ચાળ બનવા પાછળ દહેજ મુખ્ય કારણ જોવા મળે છે. દરેક સમાજમાં લગ્ન સમયે કોઇને કોઇ રીતે સ્ત્રીને દહેજ આપવામાં આવે છે અને સામાજિક રીતે પણ એવું માનવામાં આવે છે કે લગ્ન સમયે સ્ત્રીને કરિયાર પેટે કંઇકને કંઇક આપવું જોઇએ. પ્રસ્તુત નવલકથામાં સુમિત્રા આ દહેજની સમસ્યાનો વિરોધ કરે છે. પરંતુ બધી જ સ્ત્રીઓ આવી રીતે વિરોધ કરી શકતી નથી અને દહેજની સમસ્યાનો ભોગ બને છે. જેની અસર સ્ત્રી અને તેના માતા-પિતાની આર્થિક- સામાજિક સ્થિતી પર થતી રહે છે. કેટલીક વાર તો સ્ત્રી દહેજપ્રથાનો ભોગ બની આત્મહત્યા કે હત્યા જેવી સમસ્યાનો પણ ભોગ બને છે.

પ્રસ્તુત નવલકથામાં લલિતા પણ વસુધાની મિત્ર છે. જે વ્યવહારકુશળ છે અને દુઃખદ પ્રસંગોએ બધા લોકોને મદદ અને આશ્વાસન આપવાનું કાર્ય કરે છે. વસુધા તેમને બહુ જ સુખી અને સ્વસ્થ સ્ત્રી માને છે. પરંતુ એક દિવસ વસુધા લલિતાના ઘરે જાય છે ત્યારે લલિતાના કાન અને ગાલ પર સોજો જોવે છે ત્યારે લલિતા સાથે વાત થતા વસુધાને ખ્યાલ આવે છે કે લલિતાને તેના પતિ સુધીરભાઇ દ્વારા માર મારવામાં આવ્યો હોય છે. આમ આ ઘટનામાં ઘરેલુ હિંસાને વ્યકત કરે છે. જે એક વિશ્વવ્યાપી સમસ્યા કૌટુંબિક સમસ્યા છે. સામાન્ય રીતે રૂઢિચુસ્ત કુટુંબોમાં સ્ત્રી આ રીતે સતત ઘરેલુ હિંસાનો ભોગ બનતી રહે છે. આવી હિંસા શારીરિક, માનસિક , આર્થિક કે જાતિય સ્વરૂપની જોવા મળે છે. આવી ઘટના સ્ત્રીના વ્યકિત્વના વિકાસમાં ખૂબ જ વિપરીત અસર કરે છે. આથી જ ભારતમાં ૨૦૦૫થી ઘરેલુ હિંસા પ્રતિબંધક કાનૂન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ સમસ્યા પાછળના મહત્વના કારણોમાં પુરૂષપ્રધાન સમાજ વ્યવસ્થા મુખ્ય છે.

વસુધાના ફલેટમાં રંજના રહે છે. આ રંજનાના પતિનાં અન્ય સ્ત્રીઓ સાથે અનૈતિક સંબંધો હોય છે. આ વાતની જાણ વસુધાને વાસંતીના માધ્યમથી થાય છે કે રંજનાના પતિને તેના ઘરે કામવાળી લક્ષ્મી સાથે અનૈતિક સંબંધ છે. લક્ષ્મી વિધવા છે. સમાજમાં સ્ત્રી પુરુષ અંગેના જાતિયતાના બેવડા ધોરણો જોવા મળે છે. એટલે કે જો કોઇ સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધો રાખે તો તે સામાજિક દ્રષ્ટીએ ખૂબ જ નિંદનીય ગણાય છે. અને તેને લઇને સ્ત્રીઓ સાથે હિંસા, હત્યા કે છુટાછેડા સુધીની ઘટનાઓ બને છે. જયારે પુરુષના પોતાના પત્ની સિવાયની અન્ય સ્ત્રીઓ સાથે જાતિય સંબંધો હોય તો સામાન્ય રીતે આવા સંબંધોની નિંદા થાય છે. આથી વિશેષ કોઇ ખરાબ બાબત ગણવામાં આવતી નથી. તેમજ પરિણીત સ્ત્રીઓ પુરુષના આવા અનૈતિક સંબંધોને સ્વીકારી લેતી હોય છે. કારણ કે સમાજ વ્યવસ્થા પુરુષપ્રધાન છે. આથી સ્ત્રીઓ આ ઘટનાનો વિરોધ કરી શકતી નથી.

પ્રસ્તુત નવલકથામાં અન્ય એક પાત્ર બેલા છે. જે કોલેજ કાળથી જ કલાકાર બનવા માગે છે. બેલા નિશાંત  સાથે પ્રેમલગ્ન કરે છે. બેલા કલા માટે વધારે સમય ફાળવે છે. આથી નિશાંતની નારાજગી વધતી જાય છે. નિશાંત બેલાને કહે છે કે, 'કઇ બહુ નાચ્યા હવે ઘર સંભાળો' આમ અહીં બેલાનું અપમાન થાય છે. પરંતુ તે અપમાનને સહન કરી લે છે. વર્તમાન સમયે સ્ત્રીઓ સમાજના દરેક ક્ષેત્રમાં પોતાનો ફાળો આપી રહી છે. આમ છતા લિંગના આધારે નક્કી થયેલી ભૂમિકા મુજબ ઘરકામ, બાળઉછેર સ્ત્રીઓએ જ કરવું જોઇએ તેવી માન્યતા આજે  પણ જોવા મળે છે.  તેમજ લગ્ન પછી સ્ત્રીઓને પોતાના રસ, રૂચિ, શોખ  વગેરેને છોડીને માત્ર આદર્શ ગૃહિણી જ બની રહે છે. જે સ્ત્રીઓના વ્યકિતત્વના વિકાસ માં અવરોધક બની રહે છે.

પ્રસ્તુત નવલકથામાં અન્ય એક પાત્ર વિમળાબહેન છે. જે નિ:સંતાન છે. આથી બધા તેમને હલકા નામોથી બોલાવે છે. તેમજ અપશૂકનિયાળ માને છે. આથી વિમળાબહેન પોતે કોઇ અપરાધ કર્યો હોય તેમ અપરાધભાવ અનુભવતા રહે છે. ભારતીય સમાજમાં કુટુંબમાં સ્ત્રીનું સ્થાન પુરુષની તુલનામાં નિમ્ન ગણાય છે. સ્ત્રી જયારે લગ્ન કરીને સસુરગૃહ જાય છે ત્યારે તે પુરૂષ બાળકને જન્મ આપે પછી જ તેમનું કુટુંબમાં મહત્વનું સ્થાન નકકી થાય છે. આથી જયારે કોઇ સ્ત્રી નિ:સંતાન હોય કે માત્ર દિકરીઓને જ જન્મ આપે તેવી સ્ત્રીઓએ અનેક અપમાનજનક ઘટનાઓનો સામનો કરવો પડે છે. કયારેક તો સ્ત્રીની નિ:સંતાનપણાની સ્થિતિ માટે પુરુષની ખામી જવાબદાર હોવા છતા પણ સ્ત્રીને જ જવાબદાર માનીને અપમાનીત કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં આવી સ્થિતિ વધારે જોવા મળે છે.

આમ પ્રસ્તુત નવલકથા સાત પગલાં આકાશમાં લેખિકાએ જુદા જુદા નારીપાત્રો દ્વારા અર્વાચીન ભારતીય સમાજમાં સ્ત્રીના સ્થાનની ચર્ચા નારીવાદી દ્રષ્ટીએ કરી છે. અને તેના આધારે કુટુંબ, ધર્મ, લગ્ન, શિક્ષણ, અર્થવ્યવસ્થા વગેરે ક્ષેત્રે સ્ત્રીનું સ્થાન કેવું છે અને તેઓ કેવા કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરે છે તેની ચર્ચા કરી છે. જે સ્ત્રીના સ્થાનને નારીવાદી દષ્ટીકોણથી સમાજવામાં ખૂબ જ ઉપયોગી થાય છે. પ્રસ્તુત નવલકથામાં પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું નિમ્ન સ્થાન, સ્ત્રીઓ વિષયક સામાજિક સમસ્યાઓ જેવી કે, લગ્નમાં જીવન સાથીની પસંદગીની તકમાં અસમાનતા, બાળ ઉછેર અને ઘરકામ સ્ત્રીની મુખ્ય ભુમિકા,

દહેજપ્રથા, ઘરેલું હિંસા, અનૈતિક સંબંધો, જાતિયતાના બેવડા ધોરણો, નિઃસંતાનપણું, સ્ત્રીનું સ્થાન બીજા દરજ્જાનું ,પુરુષની આસપાસ જ કેન્દ્રીત સ્ત્રીઓનું જીવન વગેરેને જુદા જુદા પાત્રોની મદદથી નારીવાદી દષ્ટીએ  સમજાવવામાં આવેલ છે.

સંદર્ભઃ-


(૧) કુન્દનિકા કાપડીઆ- સાત પગલાં આકાશમાં – નવભારત સાહિત્ય મંદિર- અમદાવાદ. -૨૦૧૭

(૨) ડો. ચંદ્રિકા રાવલ – જેન્ડર અને સમાજ – પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ – ૨૦૧૪

(૩) જગદીશ દવે – નારીવાદ અને સ્ત્રી સશકિતકરણ – અનડા પ્રકાશન અમદાવાદ – ૨૦૧૦-૧૧

(૪) વી.એન. સિંહ અને જનમેજય સિંહ – નારીવાદ – રાવત પબ્લિકેશન્સ – ૨૦૧૮

(૫) પી.ડી. શર્મા – મહિલા સશકિતકરણ ઔર નારીવાદ - રાવત પબ્લિકેશન્સ – ૨૦૧૭

(૬) ડો. વિદ્યુત જોષી – સમાજ વિજ્ઞાન શબ્દકોશ – અક્ષરા પ્રકાશન અમદાવાદ – ૨૦૧૭

(૭) લીપા શાહ – આધુનિક ગુજરાતી સાહિત્યમાં નારીપાત્રો ( કુન્દનિકા કાપડીઆ તથા હિમાંશી શેલતશેલતના સર્જન સંદર્ભે) – ગુજરાત યુનિ. અમદાવાદ – ૨૦૨૦

(૮) એ.જી. શાહ – સ્ત્રીઓ અને સમાજ – અનડા પ્રકાશન અમદાવાદ – ૧૯૯૫-૯૬